October 2019

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Year 13 • Issue 12 / 152
• Mumbai • Page 16 • Price Rs. 2/-
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 • 22811218 • Mobile: 8779161209 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

પ્રકાશના પર્વ દિવાળી પછી આ અંક આપની પાસે પહોંચશે ત્યાં સુધીમાં નવી આશાઓને પરિપૂર્ણ કરવા નવું વર્ષ સંવત ૨૦૭૬ શરૂ થઈ જશે. આપ સૌનું નૂતન વર્ષ સર્વ રીતે સફળ નિવડે અને આપણા સૌની આશાઓને સિદ્ધિનું સ્વરૂપ મળે તેવી મારી અંતઃકરણથી શુભેચ્છાઓ છે.

સમાજના સૌ સભ્યો વધુ સંખ્યામાં હાજર રહી શકે તે હેતુથી આપણે નૂતન વર્ષનું સ્નેહ સંમ્મેલન લાભ પાંચમ પછી રાખીએ છીએ તેજ પ્રમાણે **તા. ૩જી નવેમ્બર, રવિવારે ગરવારે ક્લબમાં સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી** શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ પરિવાર (અતુલ ડ્રગ હાઉસ) પ્રેરીત નૂતનવર્ષ સ્નેહ સંમેલનનું આયોજન છે, સમાજના સર્વે પરિવારોને આ પ્રસંગે પધારવા મારું હાર્દિક આમંત્રણ છે.

આપણી સંસ્થાની શતાબ્દીની ઉજવણીનો **ભવ્ય કાર્યક્રમ તા. ૨૪ નવેમ્બરે NSCI Dome, વર્લી - મુંબઈમાં રાખેલ છે.** આખા દિવસના આ કાર્યક્રમની રસપ્રદ વિગતો આ અંકમાં આપેલ છે. મારી સૌ સભ્યોને વિનંતી છે કે આ પ્રસંગે સહભાગી થવા ડોનેશન પાસો આપ મેળવી લઈ આ ઐતિહાસિક પ્રસંગે જરૂર હાજર રહેશો.

શતાબ્દી ફંડમાં દાતાઓ તરફથી સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે, તેથીજ આ વર્ષે સંસ્થા તરફથી મેડિકલ, શૈક્ષણિક, સિનિયર સીટીઝન તેમજ સમાજ ઉત્કર્ષ ક્ષેત્રે અપાતી સહાયમાં ગણનાપાત્ર વધારો શક્ય બન્યો છે. સંસ્થાની શતાબ્દી ઉજવણીની ભવ્યતા સંસ્થાનું કોરપસ વધારવામાં જરૂર અનુમોદનીય રહેશે એવો મને વિશ્વાસ છે. શતાબ્દીના આ આયોજનના ખર્ચને પહોંચી વળવા **શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ (મે. સ્મિથ એન્જિનિયરીંગ) ઢંઢેરવાડા** તરફથી **અગ્રણી દાતા સ્વરૂપે રૂપિયા પચ્ચીસ લાખના અનુદાનની જાહેરાત** કરતા હું આનંદની અનુભૂતિ સાથે તેમનો હાર્દિક આભાર માનું છું. આ ઉપરાંત આ પ્રસંગને સારી રીતે ઉજવવા **રૂા. ૧૧ લાખના અનુદાનની શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, શ્રી એસ. કે. પરિવાર ટ્રસ્ટ., શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ (પ્રદિપકુમાર એન્ડ કું.) અને શ્રીમતી પ્રજ્ઞાબેન દિપકભાઈ રેવંતીલાલ શાહે** સહમતી જાહેર કરી છે. આ સર્વે દાતા પરિવારનો હું હાર્દિક આભારી છું. શતાબ્દી ઉજવણીના આ ભવ્ય કાર્યક્રમમાં સહયોગી દાતાઓની સંસ્થાને જરૂર છે તેથી સમાજના મોભીઓને હું રૂા. ૧૧ લાખ કે ૫ લાખનું અનુદાન આપી કાર્યક્રમના સહયોગી દાતા બનવા નમ્ર અપીલ કરું છું.

❑ દિનેશ શાંતિલાલ શાહ

## શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણી
## તા. ૨૪ નવેમ્બર, રવિવારે

**સવારે ૧૦.૩૦ વાગ્યાથી રાત્રે ૧૧.૦૦ વાગ્યાસુધી એક પછી એક રોમાંચીત અને રસપ્રદ કાર્યક્રમો બપોરે સ્વરૂચી ભોજન તેમજ સાંજે હાઈ ટી સમાજના બહુધા સભ્યોનો સમાવેશ થઈ શકે એવું આયોજન.**

**સ્થળ :- NSCI Dome (Centraly AC Hall) વર્લી, મુંબઈ– ૪૦૦૦૧૮**

- **બપોરે સ્વરૂચી ભોજન અને સાંજે હાઈ ટીની વ્યવસ્થા**
- **રાત્રે ૭ વગ્યાથી પાર્થીવ ગોહીલ અને સાથીદારો સાથે દાંડિયાની રમઝટ**

**પટ્ટણીઓને ગર્વ સાથે આનંદ થાય એવા અદ્‌ભુત આયોજનમાં પાટણ જૈન સમાજની દરેક વ્યક્તિને હાજર રહેવા આગ્રહભર્યું આમંત્રણ છે, કાર્યક્રમની વધુ વિગતો આ અંકના પાના નં. ૪,૫,૬ જરૂર વાંચશો.**

**તા. ૦૯-૧૧-૨૦૧૯થી પાસનું વિતરણ શરૂ થશે વહેલી તકે પાસ મેળવી લેવા.**

# SHREE PATAN JAIN MANDAL

## Centenary Celebrations

### *Save the Date: 24th November, 2019, Sunday • NSCI DOME, Worli, Mumbai.*

સને ૧૯૧૨માં સ્થપાયેલ આપણી માતૃસંસ્થા શ્રી પાટણ જૈન મંડળ સમાજ સેવાના ક્ષેત્રે સફળતાપૂર્વકની શતાબ્દીની સફર પૂર્ણ કરી આજે ૧૦૬માં વર્ષમાં પદાર્પણ કરેલ છે. જે જણાવતા અત્યંત હર્ષ સાથે આનંદ તથા ગૌરવની લાગણી થાય છે.

મંડળની સ્થાપનાના શરૂઆતના વર્ષોમાં આજના જેવી આધુનિક સુવિધાઓ કે ભૌતિક ઉપલબ્ધિઓ ન હતી. શ્રી પાટણ જૈન મંડળ જેવી માતબર સંસ્થારૂપી ઈમારતના પાયાનું કામ કરનાર પૂર્વજો અને ત્યારબાદ દૂરંદેશીઓના યોગદાનનું મહત્વ સ્વીકારી તેઓનું સ્મરણ કરતા આજે પણ આદર સાથે મસ્તક નમી જાય છે.

**ચાલો પાટણની પ્રભુતાને યાદ કરીએ અને સંસ્થાની શતાબ્દી ઉજવણીના પ્રસંગે સંસ્થાના ભવ્ય ભૂતકાળને યાદ કરી સમાજના સુંદર ભવિષ્ય માટે કટિબદ્ધ થઈએ...**

100 celebrating

શ્રી પાટણ જૈન મંડળને એક સંસ્થા તરીકે ૧૦૬ વર્ષ જેટલા દીર્ઘકાળ પર્યંત ટકાવી રાખવામાં સમાજના અગ્રણીઓ, દાતાઓ, દાતા પરિવારો અને સંનિષ્ઠ કાર્યકર્તાઓએ મહત્વની ભૂમિકા નિભાવી છે. તે કેમ વીસરી શકાય! વ્યક્તિ અને સમાજ, એ સમાજ રચનાના મહત્વના અંગ ગણાયા છે. શ્રી પાટણ જૈન મંડળને આ બન્ને અંગો સાથે કડીરૂપ બનવાનું આપણે સૌને સૌભાગ્ય સાંપડ્યું છે. જેના જ પરિણામે તેની **શતાબ્દી ઉજવણી રવિવાર, તા. ૨૪-૧૧-૨૦૧૯ના વરલી ખાતે NSCI ડોમમાં ભવ્યાતિભવ્ય રીતે ઉજવાય તે શક્ય બન્યું છે.** અને જેમાં સમાજના બહોળા વર્ગનો સમાવેશ કરી શકાય તેવું આયોજન ગોઠવવામાં આવેલ છે. જેમાં આખા દિવસનો સામાજિક અને મનોરંજન કાર્યક્રમ થશે ત્યારે અન્ય સમાજના શ્રેષ્ઠિઓને તેમજ નેતાઓને આમંત્રણ આપવામાં આવશે.

શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણીના ભાગરૂપે આપણા સમાજનાં જરૂરિયાતમંદ પરિવારોને જીવન નિર્વાહમાં વધારાની આર્થિક સહાય આપવા, **સંસ્થાએ ''સમાજ ઉત્કર્ષ ફંડ'' અને ''પાટણ શતાબ્દી ગૌરવ ફંડ'' યોજના શરૂ કરી હતી,** જેમાં સમાજનાં અનેક સખી દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ દાન રૂપી ભંડોળમાંથી આ વર્ષે આર્થિક, ભાડા, મહિલા ઉત્કર્ષ, વૃદ્ધજન, વિધવા સહાય અને દિવ્યાંગ ઉત્કર્ષ વિગેરેમાં સહાય મેળવતાં જરૂરિયાતવાળા લગભગ ૩૦૦ કુટુંબોને દર વર્ષે ચૂકવાતી સહાય કરતા વિશેષ રકમની સહાય કરવા સક્ષમ થયા છે.

પાટણના મૂળ જૈન સમાજનો મોટો ભાગ આજે મુંબઈ તેમજ અન્ય સ્થળોએ વસવાટ કરતો હોવા છતાં પાટણની પવિત્રધરાની ગરિમાને ઉજ્જવળ કરતી તેની પ્લેગ્રુપથી લઈ પોસ્ટ ગ્રેજ્યુએશન (કોલેજ) પર્યન્તનું શિક્ષણ પુરુ પાડતી શૈક્ષણિક સંસ્થાઓ તથા ધાર્મિક શિક્ષણ પ્રદાન કરતી શ્રી સિદ્ધહેમ જ્ઞાનપીઠ જેવી પ્રવૃત્તિઓ દ્વારા શૈક્ષણિક વિકાસમાં હંમેશા અગ્રેસર રહ્યું છે.

શતાબ્દી ઉજવણી પર્વ પ્રસંગે સમાજના અતિ જરૂરિયાતમંદ એવા ૧૦૦ પરિવારોને શિક્ષણ - મેડિકલ - વૃદ્ધજન, મહિલા ઉત્કર્ષ તથા દિવ્યાંગ ઉત્કર્ષ પ્રવૃત્તિ જેવા દરેક ક્ષેત્રને આવરી લઈ વધુમાં વધુ આર્થિક રીતે સહાયક બનવાનું નક્કી કરવામાં આવેલ છે, તેમજ કરોડો રૂપિયાનું ભંડોળ સંસ્થામાં વિવિધ સમાજ ઉત્કર્ષની પ્રવૃત્તિઓ માટે વાપરવાનું નિર્ધારેલ છે. જેને પહોંચી વળવા માટે રૂા. ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ)ના દાનની યોજના તૈયાર કરવામાં આવેલ છે, જેમાં શક્યતઃ વધુમાં વધુ પરિવારજનોનો સંપર્ક કરી, શતાબ્દી ઉજવણીનો ખર્ચ સંસ્થાને ભોગવવો ન પડે અને બાકીની શેષ રકમ સામાજીક ઉત્થાનના કાર્યો માટે સંસ્થાના કોરપસ ફંડોમાં જમા રાખી શકાય.

**પાટણનો સમાજ છેલ્લા દાયકામાં શિક્ષિત તેમજ સુખી અને સમૃદ્ધ થયો છે અને જેથી જ પાટણ જૈન સમાજની આ એકમાત્ર ૧૦૬ વર્ષથી અડીખમ રહેલ સંસ્થાની અનેકવિધ સામાજીક અને સાર્વજનિક પ્રવૃત્તિઓ અન્ય સમાજો માટે ઉત્તમ ઉદાહરણિય બની રહે છે.**

**૧૦૬ વર્ષ પછી આવેલ આવી ઉમદા તકને આપ સૌ પરિવારજનો સસ્મિત સ્વીકારી લેશો અને સંસ્થાના શતાબ્દી ઉજવણીના ઐતિહાસિક પ્રસંગે રૂા. પાંચ લાખનું દાન આપનાર શ્રી પાટણ જૈન મંડળ શતાબ્દી Celebration સમિતિના સભ્ય રહેશે અને જરૂરી વિજ્ઞપ્તિઓમાં**

**શ્રી પાટણ જૈન મંડળ શતાબ્દી ઉજવણી તા. ૨૪-૧૧-૨૦૧૯**

**તેઓનું વિશેષ યોગદાન બિરદાવવામાં આવશે.**

રૂા. ૫ લાખ જેવી દાનની રકમ તો માતૃ સંસ્થાની શતાબ્દી ઉજવણીમાં દરેક શ્રીમંત કુટુંબ આપી શકે છે જેનો સદુપયોગ પાટણના જ જરૂરિયાતવાળા વર્ગને ઉચ્ચ શિક્ષણ, તબીબી, આર્થિક અને સામજિક બધી જરૂરિયાતોને પૂરી પાડવા કરવામાં આવશે. **માટે સૌ ખુશહાલ હૃદયથી પોતાનો ફાળો જરૂરથી નોંધાવી રૂા. ૫ કરોડના ભંડોળના લક્ષ્યાંકને ખોબલે ખોબલે છલકાવી દેશો તેવો અતુટ વિશ્વાસ છે. પાટણના દરેક દાનવીર કુટુંબ પોતાની નૈતિક ફરજ સમજીને પણ ત્રણ વર્ષમાં ટોટલ ૫ લાખ રૂા.નું અનુદાન આપવાના સંકલ્પમાં સહમતી આપી કાર્યકરોના જુસ્સાને જોમ આપશો.**

શતાબ્દીની ભવ્ય ઉજવણી કરવા માટે તાજેતરમાં થયેલ હોદ્દેદારોની પ્રથમ મિટિંગમાં જ રૂા. પાંચ લાખની આ દાન યોજના પ્રસ્તુત થતાં તેને સુંદર પ્રતિસાદ મળ્યો હતો અને તે જ મિટિંગમાં ૧૨ સભ્યો દાન આપવા તત્પરતા દાખવેલ. તે જોતા ૩૦ સભ્યો તો આગામી ટૂંક સમયમાં જ તૈયાર થઈ જશે તેવો વિશ્વાસ છે. આમ સમાજની પાસેથી ૧૦૦ કુટુંબો એટલે કે રૂા. પાંચ કરોડની અપેક્ષા વધુ તો નહીં જ કહેવાય....!

આ યોજના અંતર્ગત દાન આપનાર સમાજના સભ્યને દાનની રકમ પુર્ણ થતા મંડળની વ્યવસ્થાપક સમિતિમાં આજીવન સભાસદ તરીકેના ૨ (બે) હક્ક આપવામાં આવશે.

સંસ્થામાં પ્રાપ્ત થયેલ દાનની રકમ ઈન્કમટેક્સ કાયદાની કલમ ૮૦જી અન્વયે ઈન્કમટેક્સમાં કરમાફી પાત્ર છે.

આ યોજના અંતર્ગત દાન આપનાર દાતાશ્રીના ફોટા પાટણ પ્રતિબિંબમાં અનુકૂળતાએ પ્રસિદ્ધ કરવામાં આવશે.

સંસ્થાના સ્વપ્નો સાકાર કરવા સમગ્ર સમાજ આ શતાબ્દી ઉજવણીના કાર્યોમાં તન-મન-ધનથી સહભાગી થાય તેવી અમારી અપેક્ષા છે.

**તો ચાલો, આત્મિયતાથી સૌ સાથે મળી સંસ્થાની ભવ્યાતી ભવ્ય શતાબ્દી ઉજવણીના ભાગીદાર બનીએ....**

અગાઉના સમયમાં સંસ્થાની પ્રવૃત્તિઓને લક્ષ્યમાં રાખી મુંબઈમાં મરીનડ્રાઈવ તેમજ પાટણ ખાતે સરસ્વતી રોડને ''શ્રી પાટણ જૈન મંડળ માર્ગ'' અને ગોરેગાવ જવાહર નગર ખાતે ''શ્રી પાટણ જૈન મંડળ ચોક'' નામો આપવામાં આવ્યા. હવે દ્વિશતાબ્દી તરફ પ્રયાણ કરતી આપણી સંસ્થાએ પણ **નામકરણ વિધીથી આગળ પ્રયાણ કરવાની આવશ્યકતા છે. આપણા સદ્‌નસીબે વર્તમાનમાં આપણા દેશને શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા અડગ નિશ્ચય ધરાવતા અને એ નિશ્ચયને પરીપૂર્ણ કરવા સતત પુરુષાર્થ કરતા વડા પ્રધાન મળ્યા છે.** એમના નેતૃત્વમાં ''પ્રધાન મંત્રી આવાસ યોજના'' તેમજ ''આયુષ્યમાન ભારત'' આ બે યોજાનાનો આપણા સમાજનાં જરૂરિયાતવાળા કુટુંબો માટે આપણી સંસ્થાના માધ્યમથી આપણે શાસનની સાથે જોડાઈ સદ્‌ઉપયોગ કરી શકીએ. આજે શાસનને પણ પ્રમાણીકપણે સેવા કાર્ય કરતી સંસ્થાઓ સાથે સમાજ ઉત્કર્ષના આવા કાર્યો કરી સુંદર પરિણામો લાવવા છે.

૧૦૬ વર્ષથી સેવા આપતી આપણી રજિસ્ટર્ડ સંસ્થા વડા પ્રધાનનું અને આપણા સમાજનું સ્વપ્ન સાકાર કરવા ખભે ખભા મિલાવી, તેમજ જૈન સમાજના અન્યો સાથે મળી વિશાળ દ્રષ્ટિ રાખી એકજ લક્ષ્ય અને ધ્યેય રાખી ઉપર્યુક્ત બન્ને યોજનાઓ હેઠળ જૈન સમાજના વિશાળ સમુદાયનું કલ્યાણ કરવા સમર્થ થઈશું. વર્તમાનની આ વાસ્તવિકતાને વહેલી તકે પરિપૂર્ણ કરવા યોગ્ય પગલા લેવા અતિઆવશ્યક છે. આશા રાખીએ તા. ૨૪ નવેમ્બરના શુભ દિવસે સમાજના સૌ સમક્ષ આ અંગે વધુ સુંદર માહિતીની જાહેરાત થાય.

**શ્રી પાટણ જૈન મંડળ**
**શતાબ્દી સમિતિ**

## Exhibition for Publicity of Brand & Product

તા. ૨૪ નવેમ્બરે વર્લી નેશનલ સ્પોર્ટસ ક્લબના 'ડોમ'માં આયોજિત શ્રી પાટણ જૈન મંડળના શતાબ્દી મહોત્સવમાં ડોમની અંદરના તેમજ બહારના પરિઘ પાસેની મર્યાદિત જગ્યાનો ઉપયોગ થઈ શકે તે હેતુથી પાટણ સમાજના સભ્યો દ્વારા, વ્યાપાર થતી Product તેમજ Brand ની Publicity કરી શકાય તે હેતુથી 3mtr x 3 mtr ના લગભગ ૧૨ સ્ટોલ અંદર અને ૨૨ સ્ટોલ પરિઘની બહાર ફાળવી શકાય તેમ છે, આ Exhibition માં વ્યવસાયીઓએ પોતાની Brand ને Promote કરવા તેમજ Product ની Publicity કરવા હેતુથી સ્ટોલ રાખવાની ઈચ્છા હોય તો મુખ્ય કાર્યાલયમાં શીતલબેનનો સંપર્ક કરવો.

**''વહેલો તે પહેલોના ધોરણે સ્ટોલ ઉપલબ્ધ થશે.''**

**શ્રી પાટણ જૈન મંડળ શતાબ્દી ઉજવણી તા. ૨૪-૧૧-૨૦૧૯**

# શ્રી પાટણ જૈન મંડળ

## ભવ્ય શતાબ્દીના સંભારણા.....

## રવિવાર તા. ૨૪ નવેમ્બર ૨૦૧૯


















- પાટણમાં શ્રી પાટણ જૈન મંડળ માર્ગનું નામકરણ.
- પાટણ ખાતે અતિથિ ગૃહનું અદ્યતન સુવિધાઓ સાથે નૂતનિકરણ.
- મુંબઈના વિવિધ ઉપનગરો ખાતે હેલ્થકેર સેન્ટરના પ્રારંભ.
- મરીનડ્રાઈવ ખાતે હાઉસિંગ પ્રોજેક્ટ.
- પાટણ પ્રિમિયર લીગ ટુર્નામેન્ટનું વિશાળ પાયે આયોજન.
- પાટણમાં થયેલ એજ્યુકેશન કેમ્પસ તથા આર્ટસ, સાયન્સ અને કોમર્સ કોલેજ.
- પાટણમાં ટાઈમ કેપ્સ્યુલની હાથીની અંબાડી ઉપર શોભા યાત્રા.

**તા. ૨૪-૧૧-૨૦૧૯ના શતાબ્દી ઉજવણી આયોજનના**
**મુખ્ય દાતા શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ (ઢંઢેરવાડો)**
**(M/s. Smith Engineering Co.)**

# Shree Patan Jain Mandal

## Centenary Celebrations

**Save the Date: 24th November, 2019, Sunday**

**10.30 am to 11.00 pm • Dome@NSCI, Worli, Mumbai.**





PARTHIV GOHIL



*7 pm Onwords*



V Dance Company






Drum Jam by Amrut Bhat



Javed Khan-Illusionist

- Event Passes will be Available from the 9th November.
- Refer to page 6th for further Information
- Lunch and hi-tea will be provided to all the Attendees
- Special Bus Service will be available from Bhayander, Borivali, Kandivali, Malad & Goregaon.
- Valet Services will be available at Dome.

## ૨૪ નવેમ્બરના શતાબ્દી ઉજવણીના કાર્યક્રમની સંક્ષિપ્ત માહિતી અને ડોનેશન પાસ મેળવવા માટેના સંપર્ક સૂત્રો...

NSCI Domeમાં શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણી તા. ૨૪-૧૧-૨૦૧૯ના યોજેલ છે જેની સંક્ષિપ્ત માહિતી નીચે જણાવ્યા મુજબ છે. સમાજના દરેક ઉંમરની વ્યક્તિઓને સ્વજનની જેમ સાંકળી લેવાય અને આ દિવસ સૌ સાથે મળી આનંદથી વ્યતિત કરી શકીએ તેવા સંકલ્પ અને ધ્યેયથી આયોજન સ્થળે પ્રયાણ કરશું.

- સવારે ૧૦.૩૦ વાગ્યે ભવ્ય ઉદ્ઘાટન સાથે દીપ પ્રાગટ્ય અને નવકાર મંત્રનું સ્મરણ.
- ૧૧.૩૦ કલાકે ''ડ્રમ જામ'' જેમાં એકતા અને અખંડતાના સંકલ્પ સાથે શ્રી અમૃત ભટ્ટ, હાજર સૌને ડ્રમ-ખંજરી વિગેરે સાથે તાલ થી તાલ મેળવી તલ્લીન કરશે.
- ૧૨ થી ૧.૧૫ સમાજના મુરબ્બીઓ તેમજ આમંત્રિત મહેમાનોના આર્શિવચન અને મંડળની Next દસ વર્ષની કાર્યવાહીનો આછો ચિતાર.
- ૧.૧૫ વાગ્યે સમાજના વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર સિતારાઓનું સન્માન અને ત્યારબાદ ૨.૩૦ વાગ્યા સુધી અમદાવાદથી પધારનાર 'મેઘધનુષ'ની ટીમ રજુ કરશે સૌને મંત્રમુગ્ધ કરી મુકે એવો ગુજરાતી સંગીતનો કાર્યક્રમ.

બપોરે ૧.૦૦ વાગ્યાથી લંચની વ્યવસ્થા NSCI Domeનાજ બે વિશાળ હોલમાં રાખવામાં આવી છે. **રૂા. ૧૦૦/-ના ડોનેશન પાસ** ઉપર જમવા તેમજ સાંજના હાઈ-ટીની વ્યવસ્થા તેમજ પાસ ધારકે કયા હોલમાં આ વ્યવસ્થાનો લાભ લેવાનો છે તેની સંપૂર્ણ વિગતો પાસ ઉપર ઉપલબ્ધ હશે. NSCI Domeમાં તેમજ જમવાના હોલમાં પણ Led Screen, પર સ્ટેજ પર દર્શાવતા કાર્યક્રમનું જીવંત પ્રસારણ દેખાશે. આ ઉપરાંત વી ડાન્સ કંપની દ્વારા અમેરિકામાં યોજાયેલ હરિફાઈમાં વિજેતા થયેલ ટીમ દ્વારા ડાંસના ત્રણ પરફોમન્સ જુદા જુદા સમયે તબક્કાવાર થશે. India's Got Talentના વિજેતા 'જાવેદ ખાન' દ્વારા જાદુના ખેલો સૌને રોમાંચિત કરશે. સમયાંતરે પાટણના ગૌરવશાળી વ્યક્તિઓના સન્માન પણ બે-ત્રણ મિનિટની વિડીયો ક્લીપ દર્શાવી કરવામાં આવશે. ત્રણ થી ચાર વર્કસ્ટેશન પર ૩૦ થી ૪૫ મિનિટના વર્કશોપ પણ રાખવામાં આવશે જ્યાં જુદી જુદી વસ્તુમાં રૂચી ધરાવનારાઓ પોતાને રસ હોય એ વર્કશોપમાં સામેલ થઈ કંઈક નવું અને વધુ સારું શીખી શકશે. સાંજે ૭.૦૦ થી રાત્રે થાક લાગે ત્યાં સુધી પાર્થીવ ગોહીલ અને સાથીદારો સંગીતના તાલે અને સૂરના સથવારે સૌને દાંડિયા રાસ રમાડશે. આ પ્રસંગે સુનીલ સોની અને પ્રશાંત રાવની જોડી સ્ટેજ પરથી માઈક વ્યવસ્થા સંભાળી સૌને જ્ઞાન સાથે ગમ્મત કરાવશે. સમગ્ર રીતે શતાબ્દીનો આ પ્રસંગ યાદગાર રહેશે. આપણા સમાજના સૌ સભ્યોએ ગત વર્ષે 'સહારા સ્ટાર' હોટેલમાં દાંડિયા રાસ પ્રસંગે રાખેલ શિસ્ત અને સ્વચ્છતા આજે પણ એ હોટલની મેનેજમેન્ટ યાદ કરે છે, એવીજ સભાનતા ૨૪ નવેમ્બરે, NSCI Dome ના આયોજન વખતે રહેશે એ બાબતમાં કોઈ શંકા રહેતી નથી.

શ્રી પાટણ જૈન મંડળ મુખ્ય કાર્યાલય મરીનડ્રાઈવ, ગોરેગામ, બોરીવલી કાર્યાલયમાંથી તદ્ઉપરાંત જે તે વિસ્તારના નીચે જણાવેલ **કાર્યકરો પાસેથી ડોનેશન પાસ ઉપલબ્ધ થશે.**

કાર્યક્રમમાં શ્રી પાટણ જૈન મંડળના સભ્ય પરિવારને જ પ્રવેશ મળશે, પાટણના જ વતનીઓ માટે આ કાર્યક્રમ મર્યાદિત છે.

| | | |
|---|---|---|
| મરીનડ્રાઈવ | : શ્રી હિતેનભાઈ ચંપકલાલ વિમાવાળા | 9323742789 |
| | શ્રી વિપુલભાઈ વિરેન્દ્રભાઈ નગરશેઠ | 9821127604 |
| પ્રીન્સેસ સ્ટ્રીટ | : શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ | 9821083487 |
| નાગદેવી | : શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ | 9821023693 |
| | : શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા | 9819793001 |
| તારદેવ | : શ્રી ઉમેશભાઈ રમણલાલ શાહ | 9821097808 |
| ગોવાલિયાટેન્ક | : શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ | 9833116262 |
| | શ્રીમતી નિશાબેન દિપેશભાઈ શાહ | 9821123191 |
| વાલકેશ્વર | : શ્રીમતી હીનાબેન યશમુખભાઈ શાહ | 9820487090 |
| | શ્રીમતી નીતાબેન કેતનભાઈ શાહ | 9821532973 |
| ચોપાટી | : શ્રી ભદ્રકાન્તભાઈ પ્રેમચંદ શાહ | 9152075380 |
| વસઈ-વિરાર - મીરારોડ | : શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર શાહ | 9820200523 |
| ભાયંદર-દહીસર | : શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ | 9321150160 |
| બોરીવલી (વે) | : શ્રી જીગરભાઈ ગીરીશભાઈ શાહ | 9820280327 |
| બોરીવલી (ઈ) અને દહીસર | : શ્રી મયુરભાઈ સુરેશચંદ્ર જૈન | 9819965004 |
| કાંદિવલી | : શ્રી નિશીતભાઈ કમલેશભાઈ શાહ | 9930409967 |
| મલાડ | : શ્રી દિલીપભાઈ મફતલાલ શાહ | 9821565156 |
| ગોરેગાંવ | : શ્રી પ્રદિપભાઈ જશવંતલાલ શાહ | 9324520134 |
| | શ્રી નિલેશભાઈ અરૂણભાઈ શાહ | 9167521420 |
| અંધેરી | : શ્રી પંકજભાઈ નેમચંદ શાહ | 9324563006 |
| | શ્રી નરેશભાઈ નેમચંદ શાહ CA | 9833564355 |
| વિલે પાર્લા | : શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ | 9820064668 |
| | શ્રી કલ્પેશભાઈ રમેશચંદ્ર ઝવેરી | 9821129819 |
| સાંતાક્રુઝ | : શ્રી પંકજભાઈ ગુલાબચંદ શાહ | 9167239966 |
| | શ્રી સૌરભભાઈ પ્રવિણચંદ્ર શાહ | 9870064087 |
| ઘાટકોપર | : શ્રી અતુલભાઈ લલીતભાઈ શાહ | 9324806307 |
| | શ્રી મહેશભાઈ નવીનચંદ્ર ઝવેરી | 9821209227 |
| મુલુન્ડથી ડોંબીવલી | : શ્રી સેજલબેન અક્ષયભાઈ શાહ | 9004075612 |
| સાયન | : શ્રી વિશાલભાઈ સુધીરભાઈ શાહ | 9819585956 |

વિરાર થી ગોરેગાંવ રહેતા સભ્યો માટે બસની વ્યવસ્થા રાખવામાં આવી છે, આ વિસ્તારના પાસનું ડિસ્ટ્રીબ્યુશન કરનાર કાર્યકરનો આ બાબતમાં સેપર્ક કરવો.

**Over 800 Business have registered..!!!**

**Dont Miss out on this golden opportunity..!!! Register Now**

## Digital Business Directory

## Yellow Pages of Patanis of Patan

**A Comprehensive compilation of all Manufactures, Traders, Business, Professionals & Service Providers**

**Https:// patanmandal.org/businessdirctory**

**Last Date for Rigistration 05/11/2019**

# શ્રી પાટણ જૈન મંડળ - શતાબ્દી ઉજવણી સમિતિઓ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા શતાબ્દી ઉજવણી પ્રસંગે વિવિધ આયોજનો માટે નિમાયેલ સમિતિઓની નામાવલી. વિસ્તાર, મોબાઈલ, ઈમેલ તથા મહોલ્લાની વિગતો અત્રે પ્રગટ કરવામાં આવે છે. સમાજના સભ્યોને આમાંના કોઈનોપણ વ્યક્તિગત સંપર્ક કરવો હોય તો નીચે દર્શાવેલ માહિતી ઉપયોગી થશે.

## CENTENARY CELEBRATION COMMITTEE

| | | | |
|---|---|---|---|
| Dineshbhai Shantilal Shah | 9322225072 | dinesh.shahff@gmail.com | Brahman Wado |
| Bharatbhai Nemchand Shah | 9821042230 | bharat@sk1932.com | Kumbharia Pado |
| Jaswantlal Manilal Shah | 9821055216 | jashvant2@gmail.com | Bhabhano Pado |
| Pankajbhai Panalal Shah | 9821140181 | pankaj@kmcpl.com | Fof Chaudharini Sheri |
| Pradeepbhai Ramanlal shah | 9820038925 | prs19471@hotmail.com | Kumbharia Pado |
| Rameshchandra Chhabildas Jhaveri | 9821245233 | j.p.products1@gmail.com | Manmohanjini Sheri |
| Virendrabhai Popatlal Shah | 9819294964 | vpshah@iscpl.com | Mallanto Pado |
| Chandravadan Sarabhai Shah | 9323138405 | cshah@hemanttools.co.in | Kumbharia Pado |
| Dipakbhai Revantilal Shah | 9820522936 | info@eurekachem.com | Kanasano Pado |
| Tusharbhai Pravinchandra Shah | 9987682551 | tushar@smithtools.net | Dhandher Wado |
| Yashwantlal Harilal Jhaveri | 9820088997 | yashwant@vasuchemicals.com | Siddhchakrani Pole |

## PROGRAM COMM

| | | | |
|---|---|---|---|
| Bharatbhai Nemchand Shah | 9821042230 | bharat@sk1932.com | Kumbharia Pado |
| Rohitbhai Mahasukhlal Shah | 9820227147 | rohitshah1406@gmail.com | Marftiyamehtano pado |
| Tusharbhai Pravinchandra Shah | 9987682551 | tushar@smithtools.net | Dhandher Wado |
| Chandravadan Saralal Shah | 9323138405 | cshah@hemanttools.co.in | Kumbharia Pado |
| Umeshbhai Ramanlal Shah | 9821097808 | umesh@pradipkumar.com | Kumbharya pado |
| Samirbhai Jayantilal Shah | 9619861613 | samir@sk1932.com | Kumbharya pado |
| Bhaveshbhai Sudhirbhai Shah | 9820838667 | varsha.exports@yahoo.co.in | Kanasano Pado |
| Vismaybhai Pareshbhai Choksy | 9920058268 | Vismay.c@trinityentertainment.in | Jhaveri Wado |
| Ashvinbhai Panalal Shah | 9322229411 | apshah.jewels@gmail.com | Mahadevajini Sheri |
| Pareshbhai Amratlal Shah | 9820072631 | paramaunt48@rediffmail.com | Marf.Mehta Pado |
| Nileshbhai Kantilal Shah | 9321150160 | nilesh@patniagency.com | Khadakhotadino Pado |
| Jatinbhai Kirtikumar Shah | 9322280153 | jatin-1@hotmail.com | Kumbharia Pado |
| Jigneshbhai Girishbhai Shah | 9820280327 | jignesh.shah2@yahoo.com | Kanasano Pado |
| Nileshbhai Arvindbhai Shah | 9167521420 | nileshshah3009@gmail.com | Khadakhotdino pado |
| Miteshbhai Sureshbhai Shah | 9022068665 | mitesh1175@rediffmail.com | Khet-Shamla Khetarvasi |
| Milanbhai Vipinchandra Shah | 9324370338 | shahmilan33@gmail.com | Kokano Pado |
| Yogeshbhai Ravindrabhai Shah | 9820045371 | yogi135@hotmail.com | Khajurino Pado |

## SHATABDI SOUVENIR PRAKASHAN

| | | | |
|---|---|---|---|
| Rajendrabhai Jayantilal Shah | 9322227209 | nehajenterprise@gmail.com | Bhabhano Pado |
| Chandravadan Saralal Shah | 9323138405 | cshah@hemanttools.co.in | Kumbharia Pado |
| Ashvinbhai Panalal Shah | 9322229411 | apshah.jewels@gmail.com | Mahadevajini Sheri |

## DIGITAL DIRECTORY PRAKASHAN

| | | | |
|---|---|---|---|
| Ashvinbhai Panalal Shah | 9322229411 | apshah.jewels@gmail.com | Mahadevajini Sheri |
| Sandipbhai Pramodbhai Teliawala | 9821149517 | sandeep@sps.group | Fof Manmohnjini Sheri |
| Nilaybhai Narendra Shah | 9819506564 | nilayshah_84@yahoo.com | Maniyati Pado |
| Dipakbhai Kirtikumar Shah | 9819652165 | dk@dkshah.com | Kumbharia Pado |
| Deveshbhai Rameshbhai Shah | 9869333716 | deveshshah63@gmail.com | Fof Vakhatjini Sheri |

## CATERING COMM

| | | | |
|---|---|---|---|
| Shaileshbhai Keshavlal Shah | 9821023693 | snfengineering@gmail.com | Kanasano Pado |
| Jyotindrabhai Jayantilal Devdawala | 9819793001 | elegantspares@hotmail.com | Limdino Pado |
| Soniben Samirbhai J. Shah | 9619861613 | samir@sk1932.com | Kumbharya pado |
| Tejashbhai Sharadbhai Shah | 9323123799 | tej5776@gmail.com | Fof Vakhatjini Sheri |

## DONATION DRIVE

| | | | |
|---|---|---|---|
| Dineshbhai Shantilal Shah | 9322225072 | dinesh.shahff@gmail.com | Brahman Wado |
| Pradeepbhai Ramanlal Shah | 9820038925 | pradipkumar@vsnl.com | Kumbharia Pado |
| Ravibhai Sevantilal Shah | 9820042314 | ravishah@ksevantilal.com | Chitarani Khadki |
| Daneshbhai Vinodchandra Matliwala | 9930891985 | danesh.shah@znlbearings.com | Kanasano Pado |
| Rajendrabhai Jayantilal Shah | 9322227209 | nehajenterprise@gmail.com | Bhabhano Pado |
| Rameshchandra Chhabildas Jhaveri | 9821245233 | j.p.products1@gmail.com | Manmohanjini Sheri |

## COMMUNICATION & AUDIO VISUAL PUBLICITY

| | | | |
|---|---|---|---|
| Rajendrabhai Jayantilal Shah | 9322227209 | nehajenterprise@gmail.com | Bhabhano Pado |
| Hitenbhai Champaklal Shah | 9323742789 | hitencshah27@gmail.com | Shantinathni Sheri |
| Dineshbhai Ramanlal Shah | 9820223145 | dinesh@pradipkumar.com | Kumbharia Pado |
| Nikhilbhai Mahendrabhai Shah | 9820070451 | nikhilmshah@hotmail.com | Kumbharia Pado |
| Deveshbhai Rameshbhai Shah | 9869333716 | deveshshah63@gmail.com | Fof Vakhatjini Sheri |
| Bhavikbhai Bhadreshbhai Shah | 9666676701 | bhavik3184@gmail.com | Khet-Shamla |
| Hitenbhai Pravinbhai Jhaveri | 9322679997 | hiten.jhaveri@hitentechno.com | Kumbharia Pado |
| Dipakbhai Kirtikumar Shah | 9819652165 | dk@dkshah.com | Kumbharia Pado |
| Nilaybhai Narendrabhai Shah | 9819506564 | nilayshah_84@yahoo.com | Maniyati Pado |
| Nileshbhai Rameshbhai Shah | 9820200523 | nrshah_99@yahoo.com | Limdino Pado |

## WORKSHOP

| | | | |
|---|---|---|---|
| Umeshbhai Ramanlal Shah | 9821097808 | umesh@pradipkumar.com | Kumbharya pado |
| Neetaben Ketanbhai Shah | 9821532973 | ketan@sk1932.com | Kumbharia Pado |
| Diptiben Nikhilbhai Shah | 9820214636 | diptinshah@hotmail.com | Kumbharia Pado |
| Nileshbhai Kantilal Shah | 9321150160 | nilesh@patniagency.com | Khadakhotadino Pado |
| Reena Sandipbhai Teliyawala | 9867750778 | sandeep@sps.group | Manmohanjini Sheri |
| Sonalben Devangbhai Nagarsheth | 9820137013 | sonalnagarseth@hotmail.com | Maniyati Pado |
| Pritiben Nileshbhai Shah | 9322218446 | nilesh@patniagency.com | Khadakhotadino Pado |
| Nileshbhai Arunbhai Shah | 9167521420 | nileshshah3009@gmail.com | |
| Mayurbhai Sureshchandra Jain | 9819965004 | mayursjain5@gmail.com | Shantinathni Pole |
| Milanbhai Vipinchandra Shah | 9324370338 | shahmilan33@gmail.com | Kokano Pado |
| Miteshbhai Sureshchandra Shah | 9022068665 | mitesh1175@rediffmail.com | Khet-Shamla |
| Jigneshbhai Girishbhai Shah | 9820280327 | jignesh.shah2@yahoo.com | Kanasano Pado |
| Vipulbhai Virendrabhai Nagarseth | 9821127604 | femdiv20@yahoo.com | Maniyati Pado |

## FINANCE

| | | | |
|---|---|---|---|
| Dineshbhai Shantilal Shah | 9322225072 | dinesh.shahff@gmail.com | Brahman Wado |
| Jyotindrabhai Jayantilal Devdawala | 9819793001 | elegantspares@hotmail.com | Limdino Pado |
| Ashvinbhai Panalal Shah | 9322229411 | apshah.jewels@gmail.com | Mahadevajini Sheri |
| Dipakbhai Revantilal Shah | 9820522936 | info@eurekachem.com | Kanasano Pado |
| Nalinkantbhai Keshrichand Shah | 9820343463 | nkshah1943@yahoo.com | Maniyatino Pado |

# અનુમોદનીય

**"ભેગા થવું એ શરૂઆત છે, ભેગા રહેવું તે પ્રગતિ છે,**
**પરંતુ ભેગા મળી કામ કરવું તે સફળતા છે..."**

ઉપર્યુક્ત કથનને સાર્થક કરવાજ ૨૫ વર્ષ પહેલા પાટણના ફોફલિયા વાડાની પોળની શેરીમાં શ્રી શાંતિનાથ ભગવાનના જીનાલયમાં ઓચ્છવ દરમ્યાન શેરીના સભ્યોને આવેલ શુભવિચારના પરિણામ સ્વરૂપ પૂ. સાધુ-સાધ્વી ભગવંતો માટે નિર્દોષ ગોચરીની વ્યવસ્થા કરવાનો તેમજ શેરીના સભ્યો પણ પાટણની મુલાકાત સમયે સ્વદ્રવ્યથી રસોડાનો લાભ લઈ શકે તેવા કાયમી રસોડાની વ્યવસ્થાની શુભ શરૂઆત થઈ હતી.

પરમ પૂજ્ય આધ્યાત્મ યોગ સંપન્ન **પન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીની** આ પવિત્ર જન્મભૂમિમાં પ્રભુભક્તિ તો જોરદાર ભક્તિભાવથી થાય પણ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની નિર્દોષ ગોચરી. અનુપાનની ભક્તિ છેલ્લા ૨૫-૨૫ વર્ષથી અવિરત પણે, કોઈપણ નામની કામના વિના શેરીના ભાવિકોની ઉદારતાથી ચાલી રહી છે.

મુંબઈ રહીને પણ શેરીના ઉદાર દીલ આત્માઓ શેરીની ઉપર્યુક્ત પ્રવૃત્તિમાં એટલા નિકટથી ઓતપ્રોત છે કે જરૂરિયાતની ઝીણામાં ઝીણી વસ્તુઓ પહોંચાડી ભક્તિભાવના પુર રસોડાના સ્ટાફને પુરતા રહે છે, તેથીજ વર્ષોથી દરરોજ અનેક પૂજ્યોની ભક્તિનો મહાન લાભ અવિરત પણે ઉચ્ચભાવ ચઢતા પરિણામે લઈ રહ્યા છે.

**અત્યંત ભાવુક શ્રાવિકા જે ભાવથી લાભ લે તેનાથી વિશેષ ભક્તિ-ભાવથી અહીંના કર્મચારી બ્હેનો મહાત્માઓને વહોરાવવાનો લાભ લે છે, જેના પરિણામે જન્મે અજૈન એવા રસોડાના સ્ટાફના એક બહેન સાધ્વીજીની ભક્તિથી સંયમના પરિણામવાળા બન્યા. સંયમ અંગીકાર કરી તેઓ ખુબજ સુંદર આરાધના કરી - કરાવી રહ્યા છે.**

**દ્રષ્ટાંતરૂપ અનુમોદનીય પ્રવૃત્તિ હરહંમેશ વધતી રહે એવી શુભેચ્છા સાથે પોળની શેરીના સૌ સભ્યોને ધન્યવાદ !**

## નવું વર્ષ

મારા સપના તમારી આંખે સાચા પડતા જાય,
એને નવું વર્ષ કહેવાય....
હું કંઈપણ ના બોલું તો પણ તરત તમને સમજાય,
એને નવું વર્ષ કહેવાય....
ખુલ્લી સવાર જેવું જીવશું કાયમ મસ્ત મજાનું,
પકડાઈ જવાની મજા પડે ને એવું કાઢશું બહાનું,
લાભ, શુભ ને ચોઘડિયા પણ અંદરથી શરમાય
એને નવું વર્ષ કહેવાય....
જીવન એવું જીવશું જાણે સહજ અવતરે પ્રાસ,
વહાલ નીતરતા શ્વાસમાં ઘૂંટશું ઈશ્વરનો અહેસાસ,
ટૂંકમાં, તમારી સાથે 'શતાબ્દી' દિવસો ઉત્સવ થઈ ઊજવાય.
એને નવું વર્ષ કહેવાય....

❑ **અંકિત ત્રિવેદી**

# શ્રદ્ધાંજલિ

❑ શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ **શ્રી નવિનચંદ્ર ચીમનલાલ મણિયાર** (ચોધરીની શેરી, વડાલા) નું ૮૬ વર્ષની જૈફ વયે તા. ૨૭-૦૯-૨૦૧૯ના થયેલ દુઃખદ અવસાનની સખેદ નોંધ લેતા મંડળ અને સમાજે દુઃખ અને શોકની લાગણી અનુભવી.

શ્રી નવીનભાઈ શ્રી પાટણ જૈન મંડળમાં સને ૧૯૮૮-૮૯થી જોડાઈ વ્યવસ્થાપક સમિતિમાં ૩૦ વર્ષ સુધી ઉત્કૃષ્ટ સેવાઓ પ્રદાન કરી હતી. સંસ્થાની પાટણ ખાતેની વિવિધ પ્રવૃત્તિઓમાં અંગત રસ લઈ ઉપયોગી સૂચનો અને માર્ગદર્શન પણ આપતા રહ્યા હતા.

સદગત શ્રી નવીનભાઈ પાટણ જૈન મંડળ ઉપરાંત પાટણ પાંજરાપોળ તથા પાટણ જૈન ભોજનશાળા જેવી સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ ઉપર રહી તેના વિકાસમાં મહત્વનું યોગદાન પુરુ પાડેલ.

આવા મીલનસાર સ્વભાવના શ્રી નવીનભાઈના અવસાનથી સંસ્થાએ એક શુભચિંતક ગુમાવેલ છે. મંડળના સર્વે હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો સદ્‌ગતશ્રીને આદરસાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતશ્રીના આત્માને ચિરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના.

❑ શ્રી પાટણ જૈન મંડળ વ્યવસ્થાપક સમિતિના આજીવન સભાસદ **શ્રીમતી સાધનાબેન મહેન્દ્રકુમાર શાહ** (કુંભારીયા પાડો, વાલકેશ્વર)નું ૭૫ વર્ષની વયે તા. ૧૨-૧૦-૨૦૧૯ના થયેલ દુઃખદ અવસાનની સખેદ નોંધ લેતાં મંડળ અને સમાજે દુઃખ અને ગહેરા શોકની લાગણી અનુભવી.

શ્રીમતી સાધનાબેન પાટણ જૈન મંડળમાં સને ૧૯૮૨ થી જોડાઈ ૩૭ વર્ષથી યથા શક્તિ સેવાઓ પ્રદાન કરી રહ્યા હતા.

તાજેતરમાં સદગતશ્રીના ૭૫ વર્ષ પૂર્ણ થયાની ખુશાલીમાં તેમની ઈચ્છાનુસાર શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ દ્વારા તેમની સ્મૃતિ મંડળ સાથે ચિરંજીવ રહે તેવા શુભાશયથી સમાજની વિધવા બહેનોને તેમના જીવન નિર્વાહમાં સહાયક થાય તેવી રૂા. ૨૧ લાખની સખાવત સંસ્થાને અર્પણ કરી ધન્યતા અનુભવી.

JIWO દ્વારા દર વર્ષે યોજાતા ટ્રેડફેર કમ એક્ઝિબિશનમાં દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા સંચાલિત કાર્યશાળામાં તૈયાર થતી ધૂપ-આંગી જેવી નાની મોટી વસ્તુઓના વિતરણ માટે તેઓના સૌજન્યથી એક સ્ટોલ ફાળવવામાં આવતો.

સ્ત્રીઓના સર્વાંગી વિકાસમાટે સતત પ્રવૃત્ત રહી અનેકવિધ રચનાત્મક કાર્યો તેમજ આયોજન કરનાર સદગત શ્રીમતી સાધનાબેનના નિધનથી સંસ્થાએ એક મહિલા સંનિષ્ઠ શુભેચ્છક ગુમાવેલ છે.

મંડળના સર્વે હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો સદગતશ્રીને આદરસાથે ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## સંસ્થા સમાચાર

### મેડિકલ કેમ્પ

❑ **ભક્તિ વેદાંત હૉસ્પિટલ અને સંશોધન સંસ્થા તેમજ રેનાઈસન્સ ફાઉન્ડેશન તરફથી પાટણ ખાતે નિઃશુલ્ક આરોગ્ય શિબિર વૈદકીય સેવાઓનું આયોજન** કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબના દર્દીની તપાસણી તથા નિદાન કરવામાં આવશે.

નેત્ર-આંખ, દાંત, ચર્મરોગ, ન્યુરો ફીઝીશયન (બ્રેન સ્પેશ્યાલીસ્ટ), ન્યુરો ચિકિત્સક, હાડકાના ચિકિત્સક, બાળતજજ્ઞ, પ્લાસ્ટીક સર્જરી, કેન્સર, જનરલ ફીઝીશયન, ડાયાબીટીસ ઈત્યાદી.

ઈસીજીની સેવા પુરી પાડવામાં આવશે.

સાત દિવસ વિના મૂલ્ય દવા વિતરણ થશે.

રક્ત તપાસણી, જરૂરિયાતમંદ દર્દીઓ માટે ચશ્મા

તા. ૨૯-૧૧-૨૦૧૯ સવારે ૯ થી ૫ અને

તા. ૩૦-૧૧-૨૦૧૯ના સવારે ૮ થી ૪

સ્થળઃ કેશવલાલ જેશંગલાલ જૈન ધર્મશાળા, પંચાસર જિનાલયની બાજુમા, પાટણ.

મુંબઈથી ૧૪ પ્રતિષ્ઠિત ડોક્ટરો અને સર્જનોની ટીમ પધારશે.

**કેમ્પ સૌજન્ય : શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ અમૃતલાલ શાહ**

(કપુરમહેતાનો પાડો)

❑ **શ્રી પાટણ વર્ધમાન તપ આયંબિલ સંસ્થામાં** સં. ૨૦૭૫ના આસો માસની શ્રી શાશ્વતી ઓળીનો લાભ દાતા અને શ્રી પાટણ જૈન મંડળના **પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ રીખવચંદ પરિવારે** (સિદ્ધચક્રની પોળ) લીધેલ છે.

આ નવપદજીની ઓળીમાં ૧૮૦ આરાધક ભાઈ-બહેનો તથા ૭૦ સાધુ-સાધ્વીજી ભગવંતોએ લાભ આપેલ છે, ઓળી દરમ્યાન નવ દિવસ આંગી તથા પ્રભાવના દાતાશ્રી તરફથી કરવામાં આવી હતી. પારણાના દિવસે દાતાશ્રી તરફથી રૂા. ૫૦૦/- તથા સંઘના ભાઈ બહેનો તરફથી રૂા. ૧૫૦/-ની પ્રભાવના કરવામાં આવેલ હતી.

પુનમના દિવસે પંચાસરા પાર્શ્વનાથના દેરાસરમાં નવ પદની પુજા તથા રત્ન જડીત આંગી રચાવવાનો લાભ લીધેલ હતો.

## Shree Patan Jain Mandal

### Yellow Pages
### Digital Directory
### *P for P 2019*

વર્તમાનના ડિજીટલ યુગમાં વેબસાઈટ એ વ્યક્તિની પ્રવૃત્તિઓનું વિશાળ વિઝિટિંગ કાર્ડ બન્યું છે, તેથીજ ડિજીટલ ડિરેક્ટરીના અનેક લાભો થશે તેને ધ્યાનમાં લઈને **સમાજના વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ, સર્વીસ એન્ડ એજન્ટ, મેડિકલ તેમજ પેરા મેડિકલ વ્યવસાય કરતા સભ્યો, પ્રોફેશનલ, ઉત્પાદકો, વ્યવસાયિકો તેમજ ગૃહ ઉદ્યોગ દ્વારા વિવિધ રીતે આજિવીકા રળતા સભ્યોની શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ''યલો પેજીસ ડિરેક્ટરી'' પ્રકાશન સંસ્થાના શતાબ્દી ઉજવણી પ્રસંગે તા. ૨૪ નવેમ્બર, ૨૦૧૯ના NSCI Dome, વર્લી ખાતે થનાર છે.**

**સમાજના ઘણા પરિવારો દ્વારા વ્યવસાયની વિગતો સાથેનું ફોર્મ ભરીને હજુ સુધી સંસ્થામાં મોકલેલ નથી તો મોડામાં મોડું ફોર્મ તા. ૦૫-૧૧-૨૦૧૯ સુધીમાં** સંપૂર્ણ વિગતોસહ કુરિયર, પોસ્ટ કે રૂબરૂ મરીનડ્રાઈવ, ગોરેગામ, બોરીવલી કે પાટણ ખાતેના કાર્યાલયોમાં, મંડળના હોદ્દેદારો અથવા ઈમેલ તથા ઓનલાઈન દ્વારા ભરી મોકલી આપવા ખાસ વિનંતી.

Https://patanmandal.org/businessdirectory.


**સપ્ટેમ્બર - ૨૦૧૯, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પુણ્યશાળીઓ**

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

**આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોન (૦૨૭૬૬)૨૨૦૨૦૩**

**મુંબઈ કાર્યાલયઃ- ૫૨૦, પંચરત્ન, ઓપેરાહાઉસ, મુંબઈ - ૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭**

| | |
|---|---|
| Renaissance Foundation | ૭,૦૦,૦૦૦ |
| પ્રવર્તીની સાધ્વીજી કંચનશ્રીજી મહારાજ સાહેબ, શાસન પ્રભાવક સાધ્વીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મહારાજ સાહેબ, સાધ્વીજી શ્રી જયંતપ્રભાશ્રીજી મહારાજની પ્રેરણાથી ગીરીરાજ ઉપધાન તપના આરાધકો તરફથી - ૨૦૧૯ | ૨,૨૫,૦૦૦ |
| M/s. Pack - Print Industries (અબજી મહેતાનો પાડો) | ૫૧,૦૦૦ |
| શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર ટ્રસ્ટ | ૫૧,૦૦૦ |
| M/s. Sheetal Export | ૫૧,૦૦૦ |
| શ્રી ઈઝરાયલ જૈન સંઘ | ૫૦,૦૦૦ |
| શ્રીમતી ભારતીબેન મીલાપચંદજી કલજી (સાંચોર) પરિવાર | ૫૦,૦૦૦ |
| મે. સુપ્રિમ માઈક્રોનીઝીંગ (ફોર્ટ) | ૩૬,૦૦૦ |
| શ્રીમતી દયાબેન ગીરીજાશંકર શેઠ ટ્રસ્ટ, મુંબઈ-૨૦ | ૩૩,૦૦૦ |
| શ્રી મહેશ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ | ૩૧,૦૦૦ |
| સ્વ. શ્રીમતી દેવાંશીબેન ભરતભાઈ શાહ (મરીનડ્રાઈવ) (હ. વિરલભાઈ, શિતલભાઈ) | ૨૧,૦૦૦ |
| શ્રી નિલકંઠવેલી જૈન સંઘ, ઘાટકોપર (હ. ડૉ. સ્મિતાબેન આઈ. શાહ) | ૧૭,૫૦૦ |
| શ્રી જીનભક્તિ મંડળ ગોવાલિયા ટેન્ક (હ. બિંદુબેન) | ૧૬,૦૦૦ |
| શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ (બોરીવલી (ઈ), રતનનગર) | ૧૫,૦૦૦ |
| શ્રીમતી મમતાબેન અજયકુમાર સાંડેસરા | ૧૧,૧૧૧ |
| સ્વ. શ્રી અંકિતભાઈ યશમુખભાઈ માટલીવાલા | ૧૧,૦૦૦ |
| સ્વ. શ્રીમતી સુલોચનાબેન સુરેશભાઈ શાહ (ગુંદરવાળા) | ૧૧,૦૦૦ |
| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વે. મંદિર (રાજાજી નગર, બેંગ્લોર) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી કુસુમબેન સનાલાલ શાહ (ઝવેરી વાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી ચૈત્ય વિપુલભાઈ શાહ (ઝવેરી વાડો) | ૧૧,૦૦૦ |
| શ્રી શૈવી વિરલભાઈ શાહ (ઝવેરી વાડો) | ૧૧,૦૦૦ |
| સ્વ. શ્રી સુબીરભાઈ પ્રબોધભાઈ(હ. હીનાબેન યશમુખભાઈ માટલીવાળા) | ૧૦,૦૦૦ |
| મે. વાસુ કેમિકલ્સ | ૧૦,૦૦૦ |
| શ્રી મોતિશા જૈન સંસ્કાર મંડળ, સી.પી.ટેન્ક (હ. પંકજભાઈ, લાલબાગ) | ૧૦,૦૦૦ |
| શ્રી સુરેશભાઈ નેમચંદભાઈ ગુંદરવાલા | ૧૦,૦૦૦ |
| શ્રી સુરેશભાઈ કાંતિલાલ પટણી (વાલકેશ્વર) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

## સખાવત આપતા સમજદારી જરૂરી

આજે માનવીની કરૂણા અને સંવેદનાનો ગેરલાભ લઈ કેટલીક સંસ્થાઓ દ્વારા યેનકેન પ્રકારે પરોપકારના નામે પૈસા એકઠા કરાય છે. અને વખત જતાં દાતાને ઠગાયાનો અહેસાસ થાય છે. ત્યારે દાતાએ વિવેક બુદ્ધિથી દાન આપવાની આવશ્યકતા બાબત આ લખાણ ઉંડાણથી વિચારવા યોગ્ય છે.

''સંસારમાં રહેતા શ્રાવકોને ગામ-સમાજ-દેશ જ્ઞાતી તરફ પણ ફરજ હોય છે. આ બધા સ્થળે જરૂર પડે ત્યારે વિવેકથી દાન આપવું પરંતુ નામનો મોહ ન રાખવો. **જ્યાં નિયમિત રીતે હિસાબો જાહેર થતા હોય ત્યાં રસીદ લઈને** વૈયાવચ્ચ ખાતામાં, સાધર્મિક ભક્તિ ખાતામાં, જીવદયામાં પૈસા ભરાવો, આપણા ભાઈઓ આર્થિક કારણસર લાચારી ન ભોગવે એ જોવું જ રહ્યું. તેમના સન્માન જળવાય એ રીતે જોવું જ રહ્યું. તેમના સન્માન જળવાય એ રીતે તેમને દવા, શિક્ષણ, અનાજ માટે કે રહેઠાણ માટે આર્થિક મદદ કરવી જરૂરી  છે. તેઓ પગભર થાય એવા પ્રયત્નો પ્રશંસનીય છે. દાનનો મોટો પ્રવાહ આવા ક્ષેત્રે વાળવો ખૂબજ જરૂરી છે. તક્તીના શાલના કે શ્રીફળના મોહમાં ફસાયા વગર વિવેકથી વિચાર પૂર્વક દાન કરશું તો જ આપણું દાન સાર્થક થશે, આપણા માટે અને સમાજ માટે...''

## ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદના

### સિદ્ધિ તપ



અમીતભાઇ પ્રવિણચંદ્ર શાહ, ઉં.વ. ૫૧,



જયશ્રીબેન અમીતભાઇ શાહ, ઉં.વ. ૫૧,

ગોરેગામ, કનાસાનો પાડો

### ધર્મચક્ર



નિશાબેન ચિંતનભાઇ શાહ, ઉં.વ. ૩૭,
બોરીવલી, ઝવેરીવાડો

| નામ | ઉંમર | રહેઠાણ | મહોલ્લો |
|---|---|---|---|
| **૮ ઉપવાસ તપ** | | | |
| શ્રી નિરાલી નિરવભાઈ સફરી | ૨૯ | અંધેરી | ગોદડનો પાડો |
| શ્રી નિખીલ તરૂણભાઈ શાહ | ૪૨ | ગ્રાન્ટરોડ | મહાદેવાજીની શેરી |

**જૈન કોઇ જાતી નથી, જૈન તો ગુણ છે,**
**ગુણ હોય તે બધા જૈન થઇ શકે.**
**જૈન કુળમાં જન્મે તે તો જૈન થાય,**
**પણ ઈતર ધર્મના માણસો પણ,**
**ગુણીજન હોય તો જૈન થઇ શકે**




।। શ્રી રિદ્ધિ સિદ્ધિ પાર્શ્વનાથાય નમઃ।। Trust Regd No. E-19626

# ''શ્રી જીવદયા ધામ તીર્થ''

**તીર્થ એડ્રેસ :** ગામ-ભાલીવલી, પોસ્ટ-ખાનીવાડે, મુંબઈ અમદાવાદ નેશનલ હાઈવે રોડ, (શિરસાડથી ૬ કિ.મી. દૂર) તા. વસઈ, જિ. થાના, પીન - ૪૦૧૩૦૨

**Office No. :** 9167324844 **Enquiry No.** 9619583620/9930582785/ 9324249554
E-mail: jeevdayadham@gmail.com • Website:www.jeevdayadham.org

**તીર્થ પ્રેરક : પૂ. પ્રવર્તક શ્રી રાજચંદ્રવિજય (નિરાલાજી) મહારાજ સાહેબ**
**આશીર્વાદથી : પ.પૂ. તપસ્વીની સાધ્વી શ્રી ચારૂશીલાશ્રીજી**
**તીર્થ સ્થાપક - પ્રતિષ્ઠા મહોત્સવ કર્તા : પ.પૂ. આ. વિજય જગવલ્લભસૂરીશ્વરજી મહારાજા**

૧. **દેરાસર :** સંકુલમાં શ્રી રિદ્ધિ-સિદ્ધિ પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે.
૨. **સહસ્ત્રકુટ :** સહસ્ત્રકુટમાં ૧૦૨૪ તીર્થંકરોને નમન કરીએ છીએ.
૩. **ઉપાશ્રય :** સાધુ અને સાધ્વીજી ભગવંતો માટે વિશાલ ઉપાશ્રય છે.
૪. **મોટો હોલ :** ૮૦૦૦ સ્કે.ફીટ,નો એક વિશાલ વ્યાખ્યાન હોલ છે.
૫. **નાનો હોલ :** બે નાના હોલ ૧૨-૧૫ લોકોનો સમાવેશ થઈ શકે છે.
૬. **ભોજનશાળા :** એક સમય ૧૦૦ લોકો ભોજન કરી શકે એવી વિશાલ જગ્યા છે.
૭. **ધર્મશાલા :** ૧૪ નોન-એસી રૂમ અને ૧૦ એસી રૂમ છે.
૮. **વૈયાવચ્ચ કેન્દ્ર :** હાઈવે ટચ વૈયાવચ્ચ કેન્દ્રમાં ૫૦ વસ્તુઓ મુકવામાં આવેલ છે. સાધુ-સાધ્વીજી ભગવંતોની જરૂરિયાતનો ખૂબ લાભ મળે છે.
૯. **પાંજરાપોળ :** ૧૨ શેડોમાં ૪૦૦ જાનવરોની સારવાર થાય એવી સ્વચ્છ પાંજરાપોળ છે. હાલમાં ૨૫૧ જાનવરોની સેવા થાય છે. જાનવરોને સતત નવકાર મંત્રની ધુન સંભળાવામાં આવે છે.

ADVT

## ''ઈશ્વર એક દરવાજો બંધ કરે છે તો બીજા અનેક દરવાજા ખોલે છે''

ઓક્ટોબર માસની બપોરની ધોમધગધગતી ગરમીનાં ધરતી માતા ગરમ હવા ફેંકી રહ્યા હતાં, તેવા સમયે શ્રી પંકજ કાકા સ્પેશિયાલિસ્ટ ડોક્ટરના ક્લિનિકમાં ગયા. તેમને બહાર બેઠેલી આસિસ્ટન્ટને વિનંતી કરી. ''કાકા આજની બધીજ એપોઈન્ટમેન્ટ ફુલ છે તમો બુધવાર તા. ૧૯ના સાંજના પાંચ વાગે આવજો.'' કાકાએ ઘણી વિનંતી કરી પણ તેને હા ન જ પાડી. કાકાની વિનંતીઓ - ઘડપણ અને દર્દની ગંભીરતા જોઈ ઉદારતાની અમીરાતસમો યુવાને કહ્યું.

''મારા બદલે કાકાને જવા દો હું તમોએ કહેલા દિવસે આવીશ.'' કહી ચાલવા માંડ્યો. ત્યાં તો આસિસ્ટન્ટને ભગવાન જેવી દયા એવી અને કહ્યું ''હું તમો બન્નેને એડજેસ્ટ કરીશ તમો બન્ને બેસો.''

ડૉક્ટરે પંકજકાકાને તપાસ્યા સાંભળ્યા અને દવા લખી આપી કહ્યું બહાર બેઠેલી નર્સ તમોને બધુ સમજાવી દેશે.

''પણ ડૉક્ટર તમો કહો મને મટી જશે.'' ચિંતા ના કરો ભગવાને દાંત આપ્યા છે તો ખાવાનું પણ આપે જ છે. ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખો. શ્રી અર્જુને શ્રી કૃષ્ણ ભગવાનની ધરા પકડીને મહાભારતનું યુદ્ધ જીતી લીધું કહેવાય છે.

**''શ્રદ્ધા મારી લઈ ગઈ મંઝીલ સુધી**
**રસ્તો ભુલી ગયો તો દિશા પણ ફરી ગઈ''**

ભગવાન પ્રેમમય - કરૂણામય - મંગલમય - જ્ઞાનમય - સર્વમય છે. બસ તમો એનું શરણ સ્વીકારો, સારુ થઈ જવું જોઈશે. ''ડોક્ટર સાહેબ આપની ફી માં થોડી રાહત આપો તો સારુ.''

આ કાળઝાળ મોંઘવારીમાં હું ઘરડો માણસ પેન્સન ઉપર જવું છું.'' તમો કશુજ ના આપશો, તમારા શુભ આશિષ આપજો, નાનપણમાં મારા માતા-પિતા કહેતા **''કર ભલા હોગા ભલા''** કહી ડૉક્ટર બીજા દર્દીને તપાસવા જતાં રહ્યા, એકપણ પૈસા ન લેનાર ડૉક્ટર માટે શ્રી પંકજ કાકાએ કાગળ લખ્યો, ''પ્રેમાણ કર્તવ્યનિષ્ઠ ડૉક્ટર સાહેબ, હું મુંઝાતો આવ્યો હતો, તમારી પાસે પણ જાઉ છું મલકાતો, ખરેખર તમારી પાસે માતાનું હૃદય અને પિતાનો ખભો છે. જિંદગીમાં વી.આઈ.પી. માણસો ઘણા જોયા પણ તમારા જેવા **વી.એન.પી. વેરી નાઈસ પર્સન બહુ ઓછા જોયા** કલદાર માણસો મને ઘણા મળ્યા પણ તમારા જેવા દિલદાર બહુ ઓછા મળ્યા માટે એટલું જ લખીશ.

**મેરી તમન્ના હે આપકો ખુશીઓકી બહાર મીલે,**
**કામિયાબી કી મંઝીલ મીલે, આપ જો ચાહે વો બાર બાર મીલે.**
**કભી ના ખોનેવાલા પ્યાર પ્રસિદ્ધિ - પ્રસન્નતા અને સમૃદ્ધિ મીલે.**

શનિવારની રમ્ય સાંજના મિત્ર કનકના પત્નીનો ફોન આવ્યો. ''શ્રી સુરેશભાઈ કનકની નોકરી સોમવારથી છૂટી ગઈ છે, તેથી તેઓ ખૂબજ નિરાશ થઈને બેસી ગયા છે, તમો સમજાવો.''

''અરે કનક આ તો તારા માટે ખુશખબર છે ભગવાને તને ખુબ બધા પૈસા કમાવવાની અમૂલ્ય તક આપી છે, આમ તું નોકરી છોડત નહીં. હવેથી તું તારો ધંધો કરી લાખો રૂપિયા કમાઈ શકીશ કારણ તારી પાસે અનુભવ છે, આવડત અને ધંધાની કસબ છે. તારા માયાળુ સ્વભાવના હિસાબે તને સારો ધંધો મળશે અને પૈસાની સગવડ તો થઈ જશે. તું ઈશ્વરનો ઉપકાર માન કે આવી અમૂલ્ય તક આપી, આગળ અને આગળ વધવા માટે એક વાત યાદ રાખજે કે, ''ઈશ્વર એક દરવાજો બંધ કરે છે તો બીજા અનેક દરવાજા ખોલે છે. ઈશ્વર ખૂબજ દયાળું છે. માટે જરાપણ નિરાશ ન થતાં આનંદમાં રહી એક શાયરના નીચેના શબ્દો બરોબર સમજી અને નક્કી કર.''

**''નજર કો બદલો નજારે બદલ જાયેગા,**
**સોચ કો બદલો સિતારે બદલ જાયેગા,**
**કિસ્તીયાઁ બદલને કી જરૂર નહીં હે. રાહ કો બદલો, કિનારે બદલ જાયેગા,**
**એક અંધેરા લાખ સિતારા, એક નિરાશા લાખ સહારા,**
**સબસે બડા ઉપહાર હે જીવનકા, આવડે મહેકાવતા તો જિંદગી ગુલઝાર છે,**
**ઓળખો તો રોશની, ના ઓળખો તો અંધકાર છે.**

પ્રેરણા દાયક - ઉત્સાહપૂર્વક માયાળુ શબ્દો કદી નકામાં જતાં નથી તે છૂટા છવાયા વેરાયેલા બીજની જેમ ઉગી નીકળે છે, અને સર્વત્ર મધૂરમ પ્રવર્ત્તે છે.

કબિરવડની જેમ અડીખમ ઉભેલું શ્રી પાટણ જૈન મંડળ મૈત્રિની મહેફીલ - દોસ્તીની દોલત - પ્રસન્નતાની પરબ અને સેવાની સાગરની જેમ પોતાની સુગંધ સરિતા અખંડ જળની જેમ ફેલાવે છે તો ચાલો આપણે નૂતનવર્ષનો નવો સંકલ્પ કરીએ ફુલ નહીં તો ફુલ પાંખડી આપીએ.

ભુખ્યાને ભોજન... દુઃખીને દિલાસો અને
હારેલાને હિંમત આપી નવુ વર્ષ સાર્થક કરીએ.
માણજો નવલાં જીવન, જે જોઈ જગ રાજી રાજી.
સોના સમો વ્યાપાર તમ હરદમ રૂડો શોભી રહે.

**❑ સુરેશ સુરજમલ ચોધરી**


**PATOLA OF PATAN PVT. LTD**
(National Award Winner 1983-State Award Winner 2006)
Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

| Ashokbhai Salvi | Viral Salvi | Ujjaval Salvi | Nirmal Salvi |
|---|---|---|---|
| 09925233484 | 09925651695 | 09825448498 | 09898143484 |

**Tel (91-2766) 232172 / 222182**
Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com
Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com
ADVT



**MATRIMONIAL**

Name : **AVI SANDIP SHAH**
Mother/Father : Kruti & Sandipbhai Rameshchandra
DOB : 14-07-1993
Education : BE Electronics and Telecommunication
MS Financial Enginneering
University of Southern california
CFA Charterd Finacial Analyst
FRM Finacial Risk Management
JOB : Financial Modelling Group
Black Rock Finance, New York
Resi : New York
Sister : Dhruvi Shah (Choreographer)
Mumbai : 15th Floor, Universal Heights Nana Chowk, Mumbai.
Moholla : Katakiya wado (Patan)
Mumbai Contact : **Mrs. Kruti Shah (9930068275)**
ADVT

## સાભાર સ્વીકાર

**શતાબ્દી ઉજવણી ભેટ :**

૧૧,૦૦,૦૦૦/- શ્રી પોપટલાલ ભીખાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ (મલ્લાતનો પાડો)

**શતાબ્દી ગૌરવ કોરપસ ફંડ :**

૫,૦૦,૦૦૦/- શ્રી વિનોદભાઈ સુરજમલ ચોધરી (ચોધરીની શેરી)

**વિદ્યાલય અમૃત મહોત્સવ ઉજવણી ફંડ :**

૭૫,૦૦૦/- શ્રી જે.કે. શાહ ફાઉન્ડેશન (ભાભાનો પાડો)

૫૧,૦૦૦/- ડૉ. જશવંતભાઈ મણિલાલ શાહ(ભાભાનો પાડો)

**શિક્ષણ સહાય / દિવ્યાંગ ઉત્કર્ષ ભેટ**

૧,૦૦,૦૦૦/- શ્રીમતી વિશાખાબેન શિરિષભાઈ મફતલાલ શાહ (પંચોટીનો પાડો)

**શિક્ષણ સહાય ભેટ**

૫૧,૦૦૦/- શ્રીમતી કુમુદબેન જયવંતકુમાર શાહ(કલકત્તા)ને ૯૮ વર્ષ પુરા થયાની ખુશાલીમાં (કનાસાનો પાડો) તેમના પરિવાર તરફથી

**સિનિયર સીટીઝન / મેડિકલ સહાય ભેટ :**

૫,૦૦૦/- શ્રી રીતેશભાઈ બીપીનચંદ્ર શાહ (કુંભારીયા પાડો)

શ્રી બીપીનચંદ્ર ચીમનલાલ શાહના આત્મ શ્રેયાર્થે.

**શ્રીમતી શારદાબેન બાબુભાઈ કાળીદાસ શાહ ફેમિલી ફ્લોટર ફંડ :**

૧૪,૦૦૦/- શ્રીમતી શારદાબેન બાબુભાઈ શાહ પરિવાર (કનાસાનો પાડો)

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ :**

૧૧,૦૦૦/- શ્રીમતી દમયંતિબેન મંગલભાઈ શાહ (લખિયારવાડો)

## અભિનંદન




કનાસાના પાડાના હાલ વિર્લેપાર્લા સ્થિત **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહને** પ્રબુદ્ધ જીવનમાં પ્રકાશિત થયેલ તેમનો લેખ **''અષ્ટ મંગલનું ઐશ્વર્ય'' માટે સને ૨૦૧૮નો જૈન પત્રકાર સંઘ** તરફથી **''શ્રીમતી રૂક્ષમણિબેન દીપચંદ ગાર્ડી એવોર્ડ''** એનાયત થયેલ છે. તે બદલ અભિનંદન. આ પ્રસંગે અલ્પ સંખ્યક જૈન ચેરમેન શ્રી સંજયભાઈ શાહ (ડાયમંડ બીકેસી) તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શ્રીમતી ભારતીબેન સાહિત્ય ક્ષેત્રે ઉત્તરોત્તર નવા કીર્તિમાન સર કરે તેવી હાર્દિક શુભેચ્છા.

**શ્રી પાટણ જૈન મંડળ આયોજિત**

**શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા પ્રેરિત**

### સમૂહલગ્ન સમારોહ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના તમામ સ્તરના કુટુંબો માટે **સત્યાવીસમાં સમૂહલગ્ન** સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

**દિનાંક : તા. ૦૮-૦૩-૨૦૨૦, રવિવાર**

**સંવત ૨૦૭૬ ફાગણ સુદ ૧૪, સમય: સાંજે ૪ થી ૭**

સમૂહ લગ્નમાં જોડાવવા અંગેના માહિતી ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી લેવા.

**વધુ માહિતી માટે સંપર્ક**

**શ્રી પાટણ જૈન મંડળ કાર્યાલય – ૨૨૮૧૧૩૪૬**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માઓને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના..

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | વાગોળનો પાડો | અભયભાઈ ભગુભાઈ શાહ | ૮૩ | મલાડ | ૨૮-૦૭-૧૯ | આષાઢ વદ ૧૧ |
| વિશા પોરવાળ | કોકાનો પાડો | ચંદ્રાબેન કીર્તિલાલ શાહ | ૭૯ | ભાયંદર | ૧૪-૦૯-૧૯ | ભાદરવા સુદ ૧૫ |
| સાંડેસરા | અબજી મહેતાનો પાડો | દેવાંશીબેન ભરતકુમાર શાહ | ૬૪ | મરીનડ્રાઈવ | ૧૪-૦૯-૧૯ | ભાદરવા સુદ ૧૫ |
| વિશા શ્રીમાળી | પોળની શેરી | ચંદ્રકાંતભાઈ ચીમનલાલ શાહ | ૮૮ | નેપીયનસી રોડ | ૧૭-૦૯-૧૯ | ભાદરવા વદ ૦૩ |
| વિશા શ્રીમાળી | કુંભારીયા પાડો | બીપીનચંદ્ર ચીમનલાલ શાહ | ૮૧ | બોરીવલી | ૨૩-૦૯-૧૯ | ભાદરવા વદ ૦૯ |
| દશા પોરવાળ | ચોધરીની શેરી | નવીનચંદ્ર ચીમનલાલ મણિયાર | ૮૬ | વડાલા | ૨૭-૦૯-૧૯ | ભાદરવા વદ ૧૪ |
| વિશા શ્રીમાળી | મહાલક્ષ્મીમાતાનો પાડો | સોનલબેન રમેશચંદ્ર શાહ | ૪૬ | બોરીવલી | ૨૯-૦૯-૧૯ | આસો સુદ ૦૧ |
| વિશા પોરવાળ | ડંકમહેતાનો પાડો | સરસ્વતીબેન મહાસુખલાલ (નંદરબારવાળા) | ૯૯ | વાલકેશ્વર | ૩૦-૦૯-૧૯ | આસો સુદ ૦૨ |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | જ્યોત્સનાબેન બીપીનભાઈ શાહ | ૬૯ | ઘાટકોપર | ૦૩-૧૦-૧૯ | આસો સુદ ૦૫ |
| વિશા શ્રીમાળી | કુંભારિયા પાડો | સાધનાબેન મહેન્દ્રભાઈ શાહ | ૭૫ | વાલકેશ્વર | ૧૨-૧૦-૧૯ | આસો સુદ ૧૪ |

* ચક્ષુદાન કરેલ છે ✸ દેહદાન કરેલ છે ● ત્વચાદાન ✚ અંગદાન (દેહદાન કરો અને કરાવો) **(યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)**

# શ્રી પાટણ જૈન મંડળ

**પ્રોગ્રામ સમિતિ** આયોજિત

**શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર**

પ્રેરિત

## નૂતન વર્ષ સ્નેહ સંમેલન

### હાર્દિક આમંત્રણ

સમાજના ભાઈ-બહેનો, સૌ સામૂહિક રીતે સાથે મળ્યાનો આનંદ માણી શકે, તેવી શુભ ભાવનાથી શ્રી પાટણ જૈન મંડળ દ્વારા **નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું** આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજના સર્વે પરિવારોને પધારવા અમારું હાર્દિક આમંત્રણ છે.

**દિનાંક: તા. ૦૩-૧૧-૨૦૧૯, રવિવાર • સં. ૨૦૭૬, કારતક સુદ ૦૭**

**સમય: ૪.૦૦ થી ૭.૦૦ કલાકે**

**સ્થળ : ગરવારે કલબ હાઉસ, ડી. રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦**

**અલ્પાહારની વ્યવસ્થા સાથે મનોરંજન કાર્યક્રમ રાખેલ છે.**

(સૂર્યાસ્ત પછી અલ્પાહાર કાઉન્ટર બંધ થશે)

આ પ્રસંગે લક્કી ડ્રોનું આયોજન રાખેલ છે,
જેમાં આકર્ષક ઈનામો આપવામાં આવશે.

તા.ક. : નૂતન વર્ષ સ્નેહ સંમેલનના વ્યક્તિગત નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે નહી.

**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ**

ADVT

Postal Regd. No. MCS / O84 / 2018-20 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2019.
PATAN PRATIBIMB ● October 2019 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of every month

## શ્રી પાટણ જૈન મંડળ
## વાર્ષિક પારિતોષિક વિતરણ સમારોહ

એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ, ડિગ્રી ડિપ્લોમાં કોર્સ તેમજ વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે તેમને મંડળ તરફથી પારિતોષિક તથા મેરિટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે, તેમ જ વર્ષ દરમ્યાન **'પાટણ પ્રતિબિંબ'માં** પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના લેખક ભાઈ-બહેનોનું **શ્રી નેમચંદ જેશંગલાલ શાહ (ગુંદરવાલા) સાહિત્ય પારિતોષિક** એનાયત કરી અભિવાદન કરવા માટેના સમારંભનું નીચેની વિગતે આયોજન કરાયેલ છે.

**રવિવાર તા. ૨૨-૧૨-૨૦૧૯**
**સ્થળ : એસ. કે. સોમાની હોલ, હિન્દી વિદ્યાભવન,**
**મરીનડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦**

આ સમારંભમાં ઘણા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવવા અંગેનું ફોર્મ ભરેલ છે, છતાં કોઈક વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત **અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે ફોર્મ ભરીને તા. ૦૫-૧૧-૨૦૧૯ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવું. Form Onlineથી પણ ભરી શકાશે.**

**સમાજના સર્વે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને આ પ્રસંગે પધારવા હાર્દિક આમંત્રણ છે.**

**વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ કરવા માર્ગદર્શન અને પ્રોત્સાહન આપવા મહાનુભવો વક્તવ્ય આપશે.**

## પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યએશનનો અભ્યાસ કરનાર પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેમની શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર)ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ** આપવામાં આવે છે. **પ્રસ્તુત સ્કોલરશીપ માટે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે, જેની ખાસ નોંધ લેવી.**

તદ્અનુસાર બિઝનેશ મેનેજમેન્ટ, મેડિકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈએએસ અથવા ડૉક્ટરેટ પી.એચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્ષમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગેના અરજી પત્રકો મંગાવવામાં આવે છે.

આ અંગેનું ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતો સહ ભરીને **તા. ૦૫-૧૧-૨૦૧૯ સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.**

❑ **શિક્ષણ સમિતિ**

### Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1. | Program | Sun | 3rd Nov. | Kartak S 07 | 4 pm to 7 pm | BCA Garware Club | Sneh Sammelan |
| 2. | PJM | Sun | 24th Nov. | Kartak V 13 | 10 am to 11 pm | NSCI Dome, Worli | CentenaryCelebration |
| 3. | Vidhyalay | Fri,Sat,Sun | 13,14,15 Dec. | Mag V. 1,2,3/4 | | Patan | - |
| 4. | PJM | Sun | 15th Dec. | Mag V. 3 | 10 am | Patan | Shatabdi Sneh Milan |
| 5. | Education | Sun | 22nd Dec. | Mag V 11 | 9 am to 12pm | Hindi Vidhya Bhavan | Prize Distribution |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,